IN-GJ10537088148429X

# INDIA NON JUDICIAL

## Government of Gujarat

## Certificate of Stamp Duty

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| Certificate No. | : | IN-GJ10537088148429X |
| Certificate Issued Date | : | 07-May-2025 12:45 PM |
| Account Reference | : | IMPACC (AC)/ gj13123511/ VERAVAL/ GJ-GS |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJ1312351130171976697615X |
| Purchased by | : | SUMRA ZAKIRHUSEN MAHMMADHUSEN |
| Description of Document | : | Article 5(h) Agreement (not otherwise provided for) |
| Description | : | CARNIVAL OF HUMANITY EDUCATION AND CHARITABLE TRUST-VERAVAL |
| Consideration Price (Rs.) | : | 0<br>(Zero) |
| First Party | : | SUMRA ZAKIRHUSEN MAHMMADHUSEN |
| Second Party | : | Not Applicable |
| Stamp Duty Paid By | : | SUMRA ZAKIRHUSEN MAHMMADHUSEN |
| Stamp Duty Amount(Rs.) | : | 300<br>(Three Hundred only) |

NOTARY PREMJIBHAI H. VADHER REG. NO 40937 COM. EXP. ON 14/02/2030 VERAVAL GUJARAT Dist. Gir Somnath GOVERNMENT OF INDIA

MANSUKH B. GOHEL VERAVAL

GG 0000644893

VOID VOID VOID

નકલ ફી રૂા.
મુકાબલ ફી રૂા. ૨૫/-
...નકલ ખર્ચ રૂા. ૧૪/-
કુલ રૂા. ૪૨/-

નકલ કર્તા :-
મુકાબલ કર્તા :-

L NO.........
No.: 01
No.: 02
Ipt: 06
15 MAY 2025

# -:: કાર્નિવલ ઓફ હ્યુમાનીટી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-વેરાવળ ::-

NOTARY PREMJIBHAI H. VADHER REG. NO. 40937 COM.EXP. ON 04/02/2030 VERVAL GUJARAT Dist. Gir Somnath GOVERNMENT OF INDIA

## -:: ટ્રસ્ટ ડીડ ::-

આ ટ્રસ્ટ દસ્તાવેજ આજરોજ તારીખ [illegible]-૦૫-૨૦૨૫ ના રોજ એક પક્ષેથી ઝાકીરહુસેન મુહમદહુસેન સુમરા, મુ.ગોવિંદપરા, તા.વેરાવળ, જી.ગીર-સોમનાથ કે, જેઓને હવે પછીથી આ દસ્તાવેજમાં સેટલર તરીકે ઓળખવામાં આવશે અને બીજા

| ક્રમ | નામ અને સરનામા | હોદ્દો |
|---|---|---|
| ૧ | ઝાકીરહુસેન મહમદહુસેન સુમરા<br>મુ.વેરાવળ,<br>તા.વેરાવળ, જી.ગીર સોમનાથ<br>આંક : ૨<br>નો.અ.નં. : ૩૦/૨૦૨૫<br>તારીખ : ૧૫/૦૫/૨૦૨૫ | પ્રમુખ |
| ૨ | અન્સારી સાજીદ આબીદભાઈ<br>મુ.વેરાવળ,<br>તા.વેરાવળ, જી.ગીર સોમનાથ<br>અધિક્ષક | ઉપપ્રમુખ |
| ૩ | શાહનવાઝ અબ્દુલગફાર ખાનજમાલ<br>મુ.વેરાવળ,<br>તા.વેરાવળ, જી.ગીર સોમનાથ | ખજાનચી |

Recorded
A.C.C.
GIR-SOMNATH

ઉપર જણાવેલ પક્ષકાર કે, જેઓને હવે પછી ટ્રસ્ટ દસ્તાવેજમાં ટ્રસ્ટી તરીકે સંબોધવામાં આવશે. આમ ટ્રસ્ટકર્તા એટલે કે, સેટલર અને ટ્રસ્ટીઓ વચ્ચે એક પણ ન ફેરવી શકાય તેવા જાહેર પબ્લીક વિકાસ ટ્રસ્ટજન હેતુઓ માટે આ ટ્રસ્ટની રચના કરવામાં આવેલ છે.

આ ટ્રસ્ટ રાજકીય હેતુઓથી કે રાજકીય પ્રવૃતિઓથી દુર રહેશે અને ટ્રસ્ટ, ટ્રસ્ટડીડમાં હવે પછી દર્શાવવામાં આવેલ હેતુઓ માટે કાર્ય કરશે.

આગળ જણાવ્યા મુજબ આ ટ્રસ્ટકર્તા સેટલરે પોતાની અંગત માલીકી મિલ્કતમાંથી રૂા.૧૧૦૦/- અંકે રૂપિયા અગીયારસો પુરા ટ્રસ્ટને અર્પણ કરેલ છે. જે રકમનો આ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓએ ટ્રસ્ટી તરીકે સ્વીકાર કરેલ છે. ટ્રસ્ટકર્તાએ અર્પણ કરેલ રકમ ઉપર તેને કે, તેમનાં વંશ, વારસોનો કોઈ જાતનો અંગત લાગભાગ કે, હકક, હિસ્સો રહેશે નહી. તેવું આ દસ્તાવેજથી જાહેર કરવામાં આવે છે. આ ટ્રસ્ટ જ્ઞાતિ, જાતિ, રંગ, ધર્મ કે લીંગનાં ભેદભાવ વગર કાર્યો કરશે. આ ટ્રસ્ટ અસ્તિત્વમાં આવતા તેનું નામ, કાર્યક્ષેત્ર, તથા ટ્રસ્ટનાં હેતુઓ અને તેની વ્યવસ્થા તથા તેના ટ્રસ્ટીઓ માટેના નિતી-નિયમો નીચે મુજબ રહેશે.

<u>(૧) ટ્રસ્ટનું નામ ::</u>

આ ટ્રસ્ટ ડીડથી અસ્તિત્વમાં આવનાર ટ્રસ્ટને "<u>કાર્નિવલ ઓફ હ્યુમાનીટી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ- વેરાવળ</u>" નાં નામથી ઓળખવામાં આવશે.

<u>(૨) ટ્રસ્ટની કચેરી ::</u>

અ) આ ટ્રસ્ટની મુખ્ય કચેરી ગીરસોમનાથ જીલ્લાનાં વેરાવળ તાલુકા ના વેરાવળ મુકામે નીચે દર્શાવેલ સરનામાં ખાતે રહેશે, અને જરૂર જણાયે સમગ્ર ભારત દેશમાં કોઈ પણ સ્થળે પેટા કચેરી કે, પેટા કચેરીઓ ખોલી શકાશે કે બંધ કરી શકાશે.

Recorded
A.C.C.
GIR-SOMNATH

બ) મુખ્ય કચેરીનું નામ : :

"<u>કાર્નિવલ ઓફ હ્યુમાનીટી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ- વેરાવળ</u>" અજમેરી સોસાયટી,ડી.પી. રોડ, વેરાવળ તા.વેરાવળ, જી.ગીરસોમનાથ

<u>(૩) ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર ::</u>

આ ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજય <u>તથા દેશનાં અન્ય ભાગોમાં રહેશે</u>

PREMJIBHAI H. VADHER
REG. NO. 40937
COM.EXP. ON 14/02/2030
VERVAL GUJARAT
Dist. Gir Somnath
GOVERNMENT OF INDIA

<u>(૪) ટ્રસ્ટનાં ઉદ્દેશ ::-</u>

આ ટ્રસ્ટ પોતાનાં ઉદ્દેશોને પાર પાડવા સાકાર કરવા માટે નીચે દર્શાવેલ કાર્ય પધ્ધતિઓ મુજબની વિવિધ પ્રવૃતિઓ હાથ ધરશે.

(૧) આ ટ્રસ્ટ સમાજનાં દરેક વર્ગો, જ્ઞાતિ, જાતિ, રંગ, ધર્મ કે, લીંગનાં કોઈપણ જાતનાં ભેદભાવ વગર તેમજ રાજકિય હેતુઓ કે, તેવી પ્રવૃતિઓથી પર રહીને લોકોનાં સામાજીક, શૈક્ષણિક દરેક માનવીને આત્મજન ગણી તેને આરોગ્ય, સુખાકારી, આર્થિક ઉન્નતીનાં પ્રયાસોમાં માર્ગદર્શક તેમજ સહાયરૂપ બનશે.

૨) બાલવાડી, આંગણવાડી, બાલ મંદીર, પુર્વ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા, કોલેજ, ટેકનીકલ તેમજ ગુજરાતી અગ્રેજી ભાષા શિખવત્તા ક્લાસ, ઔધોગિક શિક્ષણ આપતી સંસ્થા કે તેનાં સંચાલન અંગેનું જ્ઞાન પુરૂ પાડતી શાળા, કોલેજ કે વ્યવસાયિક શિક્ષણ આપતી સંસ્થા સ્થાપશે, ચલાવશે અને આવી પ્રવૃતિઓ કરતી વ્યકિત કે સંસ્થાને મદદ કરશે.

(૩) વિધાર્થી જગત માટે કુમાર છાત્રાલયો, કન્યા છાત્રાલયો આશ્રમશાળા સ્થાપશે ચલાવશે અને આવી સંસ્થાને આર્થિક મદદ કરશે.

Approved
A.C.C.
GIR SOMNATH

(૪) ગરીબ અને લાયક વિધાર્થીઓ કે, વિધાર્થીઓની માટે વાંચનાલયો, [illegible] સ્થાપશે, ચલાવશે ~~તેમજ નિભાવશે~~ તેમજ ~~ફ્રીશીપ સ્કોલરશીપ~~, ઈનામો, પુસ્તક સહાય પ્રવૃતિઓ હાથ ધરશે.

(૫) તેજસ્વી વિધાર્થીઓ-વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન કરવા, ઈનામ, પુરસ્કાર, એવોર્ડ એનાયત કરવા તથા તેનુ બહુમાન કરવુ.

(૬) પ્રૌઢ શિક્ષણ આપતા વર્ગો, રાત્રી શાળા, ગ્રામ અને શહેરી વિસ્તારમાં શિક્ષણ આપતા વર્ગો ચલાવશે, અને સરકારશ્રી દ્વારા અવાર-નવાર નવા-નવા અભ્યાસક્રમો ચલાવવા માટે સરકારશ્રી પાસેથી મંજુરી મેળવીને સામાન્ય સહ અભ્યાસક્રમો ચલાવવા માટે સંસ્થા કે, વર્ગોની સ્થાપના કરશે.

(૭) અપંગ તથા મંદ બુદ્ધિના તથા અંધ અને વિકલાંગ ભાઈ-બહેનોનાં ઉત્કર્ષ માટે સંસ્થા પોતાનું યથાયોગ્ય પ્રદાન કરી શાળા, મહાશાળા, સ્થાપશે, ચલાવશે તથા નિભાવશે.તથા અનાથ બાળકોનો ઉછેર કરવો.

(૮) વિવિધ રોજગારી તાલીમ સેન્ટરો, રોજગારી મળી રહે તેવા શુભ હેતુથી રોજગારી કેન્દ્રો ચલાવશે

(૯) સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવશે.

(૧૦) સીવણ ક્લાસ ચલાવવા,તથા યુવા શકિત ને સામાજીક ઉત્થાન માટે કામે લગાડવા પ્રયત્નો કરવા. તેમજ ખેલ, કુદને મહત્વ મળે તેવા પ્રયાસો કરવાના રહેશે.

(૧૧) કન્યા કેળવણી, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો, શિક્ષણ અને જ્ઞાનના ફેલાવા માટે વ્યાખ્યાન માળા, પરિસંવાદ, સંમેલનો, શિબીરો અને શૈક્ષણિક પ્રવાસોનું આયોજન કરશે, અને આવી પ્રવૃતિઓ કરતી સંસ્થાઓને મદદ કરશે.

(૧૨) ગરીબ અને જરૂરીયાત મંદ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીનાં લાભાર્થે ટ્યુશન ક્લાસ અને કોચિંગ ક્લાસ ચલાવવા અને નિભાવવા અને આધુનીક શિક્ષણ માટે સહાય કરશે.

<u>૪/૨) સામાન્ય જનહિતાર્થ પ્રવૃતિઓ : :</u>

(૧) શૈક્ષણિક સાંસ્કૃતિક, મનોરંજક, તહેવારોની ઉજવણી કરવી તે માટે સેમીનાર, કોન્ફરન્સનું આયોજન કરવું.

(૨) સામાજીક જાગૃતી માટે કાર્યો કરશે અને તે અંગે પ્રવાસો કરશે અને સેમીનાર યોજી સામાજીક જાગૃતી માટે આવશ્યક કાર્ય કરશે.

(૩) સમુહ લગ્નને લગતી પ્રવૃતિઓ કરશે. તેમજ સમુહ લગ્નને પ્રોત્સાહન મળે અને સમુહ લગ્ન માટે સમાજમાં જાગૃતી આવે તેવી પ્રવૃતિઓ કરશે. સમુહ લગ્નનાં કામને પ્રોત્સાહન આપશે અને સમુહ લગ્ન માટે સહાય કરશે. તેમજ સમુહ લગ્નનું જરૂરીયાત મુજબ આયોજન કરશે.

૪/૩) સામાજિક પ્રવૃતિઓ ::

~~માનવસમાજનાં વિકાસના કાર્યો કરવા, માનવ સમાજમાં પ્રવર્તમાન તથા પ્રચલિત કુરીવાજો દુર કરવા,પ્રયત્નો કરવા અને આ રીતે લોકસેવા અને સમાજની સેવા માટેની પ્રવૃતિઓ કરવી.~~

૪/૪) અન્ય પ્રવૃતિઓ ::

(૧) અપંગ, નિરાધાર તથા અંધ તથા વૃધ્ધાશ્રમ તથા સમાજનાં નબળા વર્ગોની ઉન્નતી માટેની પ્રવૃતિઓ કરશે. તેમજ આવી પ્રવૃતિઓ કરતી વ્યકિત કે, સંસ્થાને મદદરૂપ થશે.

(૨) કુદરતી આફતો જેવી કે, દુષ્કાળ, ભુકંપ, વાવાઝોડા, સુનામી, પુર હોનારથ તેમજ અકસ્માતોએ ભોગ બનેલા માનંવ, પશુ ને મદદરૂપ બનવું અને યોગ્ય સહાય કરવી તેમજ આવી કામગીરી કરતી સંસ્થાને મદદ કરવી.

(૩) પશુ-પક્ષીઓ માટે સારવાર કેન્દ્રો તેમજ અવેડાઓ ચલાવવા અને પક્ષીઓ માટે ચણ કેન્દ્રો ખોલવા.

(૪) બ્લડ ગૃપીંગ કેમ્પ યોજવા તથા એઈડસ જાગૃતિ, કેન્સર જાગ્રુતિ, પોલીયો જાગૃતિ, સ્વાઈન ફ્લુ જાગૃતિ, જેવી અન્ય બિમારીઓથી બચવા જાગૃતિઓ અભયાન ચલાવવા. સર્વરોગ નિદાન કેમ્પ મેડીકલ કેમ્પનું આયોજન કરવું તેમજ આવા દર્દીઓને આર્થિક સહાય આપશે.

(૫) ગરીબ અને જરૂરીયાતવાળા લોકોની સુવિધા માટે વિના મૂલ્યે કે, રાહત દરે આયુર્વેદિક, એલોપેથીક અને અન્ય મેડીસીનનું બીન વાણિજયીક વિતરણ સહાય કરશે.

(૬) માનવ સમાજ માટે વૈદકિય રાહતનાં ઉદેશથી દવાખાના, નર્સિંગહોમ, હોસ્પીટલ, વિગેરે ખોલવાં શિશુવિહાર, પેથોલોજી લેબોરેટરી, સોનોગ્રાફી તથા એકસ-રે કલીનીક, વિગેરે ખોલવાં ચલાવવાં અને જરૂરીયાતમંદ દર્દીઓને દવારૂપે કે રોકડ કે વસ્તુરૂપે વૈદકિય સહાય આપવી. તેમજ આવા પ્રકારની સંસ્થાઓને પ્રોત્સાહન રૂપે સહાય કરવી. આરોગ્યને લગતી કામગીરીઓ રાહતદરે કરવામાં આવશે.

(૫) ટ્રસ્ટની મિલ્કત : :

(૧) આ ટ્રસ્ટ સ્થાવર તેમજ જંગમ એમ બન્ને સ્વરૂપની મિલ્કતો ધારણ કરી શકાશે.

(૨) ટ્રસ્ટનાં સેટલર ટ્રસ્ટીઓ પોતાની અંગત માલીકીની સ્વપાર્જીત મિલ્કતમાંથી અર્પણ કરેલ રકમ રૂા.૧૧૦૦/-અગીયારસો પુરા હાલ આ સંસ્થાની જંગમ મિલ્કત કહેવાશે.

(૩) આ ઉપરાંત વખતોવખત આ ટ્રસ્ટ કે, તેની માલીકીની કોઈ કાયદેસર રીતે પ્રાપ્ત થતી સ્થાવર કે જંગમ મિલ્કત આ ટ્રસ્ટની મિલ્કત કહેવાશે.

(૪) આ ટ્રસ્ટની સ્થાવર જંગમ મિલ્કત ઉપર ટ્રસ્ટી કે, અન્ય કોઈનો કોઈપણ જાતનો અંગત હક્ક, હિસ્સો રહેશે નહી.

(૬) ટ્રસ્ટની આવકનાં સાધનો ::

આ ટ્રસ્ટનાં ઉદ્દેશોને પહોંચી વળવા જરૂરી નાણાકિય ખર્ચને પાર પાડવા માટે આ ટ્રસ્ટની આવકનાં સાધનો નીચે મુજબ છે.

(૧) આ ટ્રસ્ટનાં ઉદ્દેશોને બાધ ન આવે તેવા શરતી કે, બીન શરતી દાન, ભેટ, બક્ષીસ સ્વીકારી શકશે.

(૨) ટ્રસ્ટ પ્રવર્તમાન કાયદાની જોગવાઈને આધીન રહી સરકારી, અર્ધ સરકારી સહાય, લોન, ગ્રાન્ટ, સબ સીડી મેળવીને, સરકારી અર્ધ સરકારી યોજનાઓ પાર પાડીને.

(૩) લોન કે, થાપણો મેળવીને.

(૪) ભવિષ્યાં ટ્રસ્ટ સંચાલીત વિભાગમાંથી થતી આવક તથા ટ્રસ્ટની સ્થાવર જંગમ મિલ્કતમાંથી આવક મેળવીને.

(૫) આ ઉપરાંત અનાજ, કપડા-લતા, દવાઓ કે, અન્ય ચીજ વસ્તુઓનાં સ્વરૂપમાં ફાળો સ્વીકારીને

## ૭) ટ્રસ્ટી મંડળ, બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ ::

| ક્રમ | ટ્રસ્ટીનું નામ | ઉંમર | ધંધો | હોદ્દો | રહે. |
|---|---|---|---|---|---|
| ૧ | ઝાકીરહુસેન મહમદહુસેન સુમરા | ૨૭ | વકીલાત | પ્રમુખ | વેરાવળ |
| ૨ | અન્સારી સાજીદ આબીદભાઈ | ૨૮ | નોકરી | ઉપપ્રમુખ | વેરાવળ |
| ૩ | શાહનવાઝ અબ્દુલગફાર ખાનજમાલ | ૨૪ | નોકરી | ખજાનચી | વેરાવળ |

## (૮) ટ્રસ્ટના ટ્રસ્ટીઓની સંખ્યા અને ટ્રસ્ટી નીમવાની રીત::-

(૧) આ ટ્રસ્ટનાં સંચાલન માટે ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી-૩ (ત્રણ) અને વધુમાં વધુ ૫૧ (એકાવન) ની રહેશે. હાલ આ ટ્રસ્ટમાં ૩ (ત્રણ) ટ્રસ્ટીઓ રહેશે અને ટ્રસ્ટીઓ આજીવન રહેશે.

આ ટ્રસ્ટી મંડળમાં જયારે કોઈ જગ્યા ખાલી પડશે ત્યારે બાકી રહેલ સભ્યો પોતાની બહુમતીએ નવા સભ્યોની નિમણુક કરશે. તેમજ ખાલી જગ્યા ભરશે.તથા પોતાનામાંથી પ્રમુખ,ઉપપ્રમુખ, ની નિમણુક કરશે.

બ) હોદ્દેદારો : :

૧) આ ટ્રસ્ટનાં રોજબરોજનાં કાર્યોને પહોંચી વળવા માટે અને કાર્યોની સંવાદીતતા જાળવવા અને તેઓએ ટ્રસ્ટ ડીડમાં જણાવેલ રીતે પોતાની ફરજો બજાવવાની રહેશે.

૨) કોઈ કારણોસર મેનેજીંગ ટ્રસ્ટીની જગ્યા ખાલી પડે તો, ટ્રસ્ટી મંડળ બહુમતીથી કોઈ ટ્રસ્ટીને બાકીની મુદ્દત માટે મેનેજિંગ ટ્રસ્ટી તરીકે નિમશે.

## (૯) ટ્રસ્ટીઓને દૂર કરવા અંગે.::

જયારે કોઈપણ ટ્રસ્ટી ટ્રસ્ટનાં હેતુઓ વિરૂધ્ધનું કામ કરશે, અસ્થિર મગજનો બને, ટ્રસ્ટમાંથી પોતાનાં અંગત આર્થિક કે, અન્ય લાભ માટે પ્રવૃતિઓ કરશે, અગર ટ્રસ્ટ ડીડની

જોગવાઈઓનો ભંગ કરે, ગુનાહીત કૃત્ય કરે અને સજા પામે, અગર ટ્રસ્ટી મંડળની ત્રણથી વધુ મીટીંગમાં લગાતાર ગેરહાજર રહે ત્યારે આવા ટ્રસ્ટીને પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓને આધિન રહીને ટ્રસ્ટી પદેથી દુર કરી શકાશે.

<u>(૧૦) મેનેજીંગ ટ્રસ્ટીની સતા, ફરજો તથા કામગીરી ::</u>

૧) મેનેજીંગ ટ્રસ્ટી, ટ્રસ્ટનાં વડા રહેશે.

૨) ટ્રસ્ટ મંડળની મીટીંગમાં અધ્યક્ષ સ્થાને રહેશે, અને ટ્રસ્ટનાં સંચાલન માટે જરૂરી કાર્ય કરશે, અને તમામ પ્રવૃતિઓ પર દેખરેખ રાખશે.

૩) ટ્રસ્ટી મંડળની મીટીંગમાં કોઈ ઠરાવ ઉપર સરખા મત પડયે મેનેજીંગ ટ્રસ્ટી એક વધારાનો મત આપી શકશે.

૪) ટ્રસ્ટનાં તમામ કાર્યો મેનેજીંગ ટ્રસ્ટીની સહીથી કરી શકાશે.

૫) ટ્રસ્ટી મંડળની મીટીંગમાં ઉભા થતા પ્રશ્નોનો નિકાલ કરશે.

૬) ટ્રસ્ટી મંડળને વિશ્વાસમાં લઈને કર્મચારીઓની નિમણુક કરશે.

૭) સંસ્થાનાં હિસાબોની દેખરેખ રાખશે અને સંચાલન સંબંધી તમામ કાર્યો અંગે જરૂરી સલાહ સુચનો આપશે.

૮) સરકારી નિતી, નિયમો કે કાયદાની જોગવાઈઓ અનુસાર ખાનગી કે, સરકારી જમીન મેળવવા અંગેની કાર્યવાહી કરશે.

૯) આ ઉપરાંત ટ્રસ્ટને લગતા પત્ર, વ્યવહાર, કોર્ટ, કચેરીને લગતા કાર્યો તેમજ ટ્રસ્ટ અને તેનાં સંચાલન હેઠળની તમામ સંસ્થાઓને લગતા તમામ કાર્યો કરશે,તથા વ્યવસ્થા સંભાળશે.

<u>૧૧) ટ્રસ્ટી મંડળની સતા અને ફરજો : :</u>

૧) જે તે સમયના કાયદાને આધિન રહી આ ટ્રસ્ટના નાણાનું રોકાણ કરી શકશે. તથા સ્થાવર મિલ્કત ખરીદ કરી શકશે.

૨) જે તે સમયનાં પબ્લીક ટ્રસ્ટ અંગેનાં કાયદાને આધિન રહી આ ટ્રસ્ટની સ્થાવર, જંગમ મિલ્કત વેચી શકશે કે ગીરો મુકી શકશે કે બક્ષીસ આપી શકશે કે લઈ શકશે.

(૩) ટ્રસ્ટની સ્થાવર મિલ્કતની માલીકીને લગતા દસ્તાવેજો પોતાનાં કબજામાં ટ્રસ્ટની કચેરીમાં રાખશે અગર કોઈ સરકાર માન્ય બેન્કની સેઈફ ડીપોઝીટ વોલ્ટમાં રાખશે.

૪) ટ્રસ્ટની સ્થાવર જંગમ મિલ્કતની જાળવણી કરશે અને મિલ્કતની સલામતીનાં પગલા લેશે.

૫) ટ્રસ્ટનાં ઉદ્દેશો પુરા પાડવા સદા પ્રયત્નશીલ રહેશે અને ટ્રસ્ટને વફાદાર રહેશે.

૬) ટ્રસ્ટનાં દરેક કાર્યો ટ્રસ્ટી મંડળ બહુમતીથી ઠરાવો કરીને કરી શકશે.

૭) ટ્રસ્ટીએ આ ટ્રસ્ટનાં કામે પોતાનાં અંગત નાણામાંથી ખર્ચ કરેલ હશે તો તેવા ખર્ચની રકમ તેઓ ટ્રસ્ટ પાસેથી પરત લેવા હકકદાર રહેશે.

૮) ટ્રસ્ટનાં નામ તથા તેનાં હેતુઓ વિરૂધ્ધનું ન હોય તેવુ શરતી કે, બીન શરતી દાન સ્વીકારી શકશે.

૯) આ ટ્રસ્ટના કામે સ્પેશ્યલ કે જનરલ પાવર ઓફ એટર્ની આપી શકશે.

૧૦) આ ટ્રસ્ટ તેમજ ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓના હિસાબોના ઓડીટ માટે ટ્રસ્ટીઓ બહુમતીથી ઠરાવ કરીને ઓડીટરની નિમણુક કરી શકશે. તેમજ જરૂરિયાત ઉપસ્થિત થયે બહુમતીથી ઠરાવ કરીને કાયદાના સલાહકારની નિમણુક પણ કરી શકશે.

૧૧) ટ્રસ્ટની સંસ્થા કે, સંસ્થા સંચાલીત વિભાગોમાં નોકરો તેમજ કર્મચારીને નોકરી માંથી રાખી શકશે કે, છુટા કરી શકશે.

**(૧૨) ટ્રસ્ટી મંડળની મીટીંગ ::**

૧) વર્ષમાં ઓછામાં ઓછી બે વખત ટ્રસ્ટી મંડળની મીટીંગ મળશે અને આવી મીટીંગને સાધારણ મીટીંગ કહેવાશે.

૨) ટ્રસ્ટી મંડળ અસાધારણ સંજોગોમાં વધારાની મીટીંગ બોલાવી શકશે, જે અસાધારણ મીટીંગ કહેવાશે. આ મીટીંગની જાણ, રજી. એડી થી કુરિયર અથવા વર્તમાનપત્રથી કરવામાં આવશે. આ વર્કિંગ મીટીંગના ૭ દિવસ પહેલા જાણવામાં આવશે.

૩) ખાસ જરૂર જણાયે ઓછામાં ઓછા ૧/૨ ટ્રસ્ટીની લેખિત માંગણીથી પ્રમુખ દિવસ-૮ માં તાકીદની મીટીંગ બોલાવી શકશે.

૪) દરેક મીટીંગની દરેક ટ્રસ્ટીની તેનાં નોંધાયેલા સરનામે લેખિત જાણ કરવાની રહેશે, મેનેજીંગ ટ્રસ્ટીએ બોલાવેલ તાકીદની મીટીંગ સિવાય ઓછામાં ઓછા સાત દિવસ અગાઉ જાણ કરવાની રહેશે.

૫) મીટીંગનાં કામકાજનું કોરમ બે તૃતિયાંશ(૨/૩) સભ્યોની હાજરીથી પુરૂ થયેલ ગણાશે અને કોરમનાં અભાવે મુલતવી રહેલ મીટીંગ એક કલાક બાદ તે જ દિવસે તે જ સ્થળે ફરી મળશે. જેમાં કોરમનો બાધ નડશે નહી.

૬) મીટીંગ અંગેની નોટીસમાં મીટીંગની તારીખ સ્થળ અને કાર્ય સુચી જણાવવામાં આવશે.

<u>૧૩) ઠરાવો ::</u>

૧) સંસ્થાની એક ઠરાવ બુક રાખવામાં આવશે.

૨) ઠરાવ બુકમાં ટ્રસ્ટની દરેક મીટીંગમાં થયેલ કાર્યવાહીની વ્યવસ્થિત નોંધ સહીતનાં ઠરાવો લખવામાં આવશે. જેની નીચે મેનેજીંગ ટ્રસ્ટીએ સહી કરવાની રહેશે.

3) અનિવાર્ય સંજોગોમાં પરીપત્રથી સરક્યુલર ઠરાવ કરી શકાશે. જેની નોંધ ઠરાવ બુકમાં કરવામાં આવશે.

૪) ટ્રસ્ટીઓની મીટીંગમાં થયેલ ઠરાવો બુકમાં લખી ટ્રસ્ટીની સહી તથા નીચે મેનેજીંગ ટ્રસ્ટીએ સહી કરવાની રહેશે.

<u>(૧૪) ટ્રસ્ટનાં નાણાનું રોકાણ ::</u>

મુંબઈ સાર્વજનીક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ ની કલમ-૩૫ ની જોગવાઈઓ આધીન રહી આ ટ્રસ્ટનાં નાણાનું રોકાણ નીચે મુજબ કરવાનું રહેશે.

૧) ભારત રીઝર્વ બેન્ક અધિનિયમ-૧૯૩૪ ની કલમ-૨ (ઈ) માં જણાવેલ કોઈપણ અનુસુચિત બેન્કમાં અને/અથવા...

૨) પોસ્ટ ઓફીસનાં સેવિંગ્ઝ ખાતામાં અને/અથવા...

૩) આવક વેરો, અધિનિયમ-૧૯૬૧ હેઠળ કોઈ મ્યુચ્યુઅલ ફંડનાં યુનિટમાં અને અથવા...

૪) રાજ્ય સરકારે આ હેતુમાટે મંજુર કરેલ સહકારી બેન્કમાં અને/અથવા...

૫) સરકારી જામીનગીરીઓમાં અને/અથવા...

૬) ચેરીટી કમિશ્નરશ્રીનાં સામાન્ય/ખાસ હુકમથી જે પૈસા રોકવાની મંજુરી આપે તે રીતે...

Recorded A.C.C. GIR-SOMNATH

**૧૫) હિસાબી વર્ષ ::**

આ સંસ્થાનું હિસાબી વર્ષ ૧ લી એપ્રિલથી ૩૧ મી માર્ચ મુજબનું રહેશે.

**૧૬) ઓડીટ ::**

૧) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ ની કલમ-૩૫ ની જોગવાઈઓ મુજબ આ ટ્રસ્ટનાં વ્યવસ્થિત હિસાબો રાખવાના રહેશે.

૨) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અધિનિયમ-૧૯૪૯ નાં અર્થ મુજબ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોય તે અગર આ અર્થે રાજ્ય સરકાર જેમને અધિકૃત કરેલ હોય તે વ્યકિત પાસે દર વર્ષે ઓડીટ કરાવાનાં રહેશે.

૩) આવા ઓડીટ રીપોર્ટસ જે તે પ્રદેશનાં આસીસ્ટન્ટ/ડેપ્યુટી ચેરીટી કમિશ્નર સમક્ષ રજુ કરાવવાના રહેશે.

**(૧૭) સ્થાવર મિલ્કત અંગે ::**

૧) ચેરીટી કમિશ્નરની મંજુરી વગર ટ્રસ્ટની માલીકીની કોઈપણ સ્થાવર મિલ્કત વેચાણ, ગીરો, બક્ષીસ કે, અન્ય કોઈ રીતે હસ્તાંતરીત કરી શકાશે નહી.

૨) ટ્રસ્ટી, ટ્રસ્ટની કોઈ મિલ્કતનો ભાડા પટ્ટો પોતાનાં કે, પોતાનાં સગાનાં નામે કે, જેમાં તેનો હિત સંબંધ હોય તે વ્યકિત કે, પેઢીનાં નામે કરી શકાશે નહી.

૩) ટ્રસ્ટી ટ્રસ્ટની કોઈપણ સ્થાવર મિલ્કતો કોઈપણ સંજોગોમાં ખરીદી શકશે નહી.

(૧૮) બેંકમાં ખાતા ::

ટ્રસ્ટની જરૂરીયાત મુજબ એક કે, એકથી વધુ રાષ્ટ્રીયકૃત કે, સહકારી બેન્કમાં ટ્રસ્ટનાં નામથી ખાતુ કે, ખાતાઓ ખોલાવવામાં આવશે અને તેનો વહીવટ મેનેજીંગ ટ્રસ્ટી અને ટ્રસ્ટીઓની મીટીંગમાં ઠરાવેલ ટ્રસ્ટીઓની સહીથી બેંકમાં લેવડ-દેવડ કરવામાં આવશે.

Recorded

૧૯) સમિતિ કે સમિતિઓ ::

જ્યારે જરૂર પડે ત્યારે ટ્રસ્ટનાં હેતુઓ પાર પાડવા માટે વ્યવસ્થાપક સમિતિ કે, કારોબારી સમિતિ જેવી સમિતિઓ રચી શકાશે. તેમાં ફેરફાર કરી શકાશે. તેનુ વિસર્જન કરી શકાશે. સમિતી કે, સમિતિઓનાં અધ્યક્ષ સ્થાને હંમેશા મેનેજિંગ ટ્રસ્ટી રહેશે કોઈ કાર્યક્ષેત્રનાં નિષ્ણાંત વ્યકિતનો સમીતીનાં સભ્ય તરીકે સમાવેશ કરી શકાશે.

(૨૦) ટ્રસ્ટ ડીડમાં ફેરફાર ::

આ ટ્રસ્ટ ડીડના કોઈપણ કલમમાં કે ખાસ સંજોગોમાં ટ્રસ્ટ ડીડની જોગવાઈઓમાં કે, સુધારો વધારો કરવાની જરૂર પડે ત્યારે તે સંજોગોમાં તત્કાલીન ટ્રસ્ટીમંડળ સહમતીથી ઠરાવ પસાર કરીને સદરહું ફેરફાર જે તે સમયનાં પ્રવર્તમાન કાયદા અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ ની જોગવાઈઓને અનુસરીને કરી શકશે.

(૨૧) ટ્રસ્ટનું વિસર્જન ::

કોઈપણ અસાધારણ સંજોગોમાં ટ્રસ્ટ બંધ કરવાનો પ્રસંગ આવે ત્યારે તે અંગે ટ્રસ્ટીઓએ સર્વાનુમતે ઠરાવ પસાર કરી સૌ પ્રથમ ટ્રસ્ટની તમામ જવાબદારીઓ પુરી કરવામાં આવશે તે બાદ બાકી રહેતી સંસ્થાની તમામ સ્થાવર જંગમ મિલ્કત સમાન હેતુવાળી અન્ય સંસ્થાને સોંપી શકાશે. આ અંગે જે તે સમયનાં પ્રવર્તમાન કાયદા તથા નિયમોને આધિન રહીને કાર્યવાહી કરી શકાશે.

**(૨૨) અન્ય ::**

૧) કોઈ ટ્રસ્ટી ટ્રસ્ટની કોઈપણ મિલ્કતનો પોતાનાં અંગત ઉપયોગ માટે ઉપભોગ કરી શકશે નહી.

૨) જયાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ ન હોય તેવી બાબતો પરત્વે આ ટ્રસ્ટ મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ તેમજ ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ નિયમો કે, તેની જગ્યા[illegible] કાયદાની જોગવાઈઓને અનુસરશે.

Recorded A.C.C. SOMNATH

આ ટ્રસ્ટ ડીડ અમોએ અમારી રાજીખુશીથી, વાંચી, વંચાવી, સમજી-વિચારી, વિનાકેફે, વિના દબાણે લખી આપી આ નીચે સહીઓ કરીને સાક્ષીઓ કરાવી આપેલ છે. જે અમોને તથા અમારા વંશ વારસોને કબુલ મંજુર અને બંધનકર્તા છે તથા રહેશે.

મુ. વેરાવળ

તા.૨૫-૦૪-૨૦૨૫

15 MAY 2025

સુમરા ઝાકીરહુસેન મહમદહુસેન

સેટલરની સહી

| ક્રમ | નામ અને સરનામા | હોદ્દો | ટ્રસ્ટીઓની સહી |
|---|---|---|---|
| ૧ | ઝાકીરહુસેન મહમદહુસેન સુમરા | પ્રમુખ | |
| ૨ | અન્સારી સાજીદ આબીદભાઈ | ઉપપ્રમુખ | |
| ૩ | શાહનવાઝ અબ્દુલગફાર ખાનજમાલ | ખજાનચી | |

સાક્ષી



૧. ..............................

..............................

SOLEMNLY AFFIRMED BEFORE ME
by SUMRA ZAKIRHUSEN MAHAMMAD HUSEN
who is identified by ..............................
Advocate whom I know personally.

PREMJIBHAI H. VADHER
NOTARY (GOVT. OF INDIA)
VERAVAL, DIST. GIR SOMNATH

PREMJIBHAI H. VADHER
Advocate & Notary



આથી દાખલો આપવામાં આવે છે કે
આ નકલ ખરી છે. તા. / /૨૦
અધિક્ષક
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી
ગીર સોમનાથ

# Carnival of Humanity Education and Charitable Trust

## -:: Trust Deed ::-

This document is dated today 15th March 2019. On the one hand, Zakirhusen Mahmmadhusen Sumra, Ad. Govindpara Ta.veraval, dist. Gir-Somnath, who will henceforth be referred to as the Settlor in this document, and on the other hand...

| | Name and Adress | Dasignation |
|---|---|---|
| 1 | Zakirhusen Mahmmadhusen Sumra<br>Ad. Veraval,<br>Ta.veraval, dist. Gir-Somnath. | President |
| 2 | Ansari Sajid Abidbhai<br>Ad. Veraval,<br>Ta.veraval, dist. Gir-Somnath. | Vice-President |
| 3 | Zakirhusen Mahmmadhusen Sumra<br>Ad. Veraval,<br>Ta.veraval, dist. Gir-Somnath. | Treasurer |

The above parties, who shall hereinafter be referred to as the Trustees in the Trust Deed, are hereby constituted as the Trustee, i.e. the Settlor and the Trustees which is irrevocable and for the purposes of public development.

The Trust shall remain free from political motives or political activities and shall act for the purposes hereinafter specified in the Trust Deed.

Attested

President
Carnival of Humanity Education
And Charitable Trust
VERAVAL

CARNIVAL OF HUMANITY EDU. & CHARITABLE TRUST • VERAVAL • REG. NO. E/2315 DT.30-07-2025 GIR SOMNATH

As stated above, the Trustee/Settlor has donated Rs. 1100/- from his personal property to the Trust. The amount has been accepted by the Trustees of this Trust as Trustee. He, his descendants, his heirs shall not have any personal interest or right or share in the amount donated by the Trustee, which is hereby declared in this document. This Trust shall function without discrimination of caste, creed, colour, religion or sex. The name, scope of work, objectives of the Trust and its management and the rules and regulations for its Trustees upon coming into existence shall be as follows.

**(1) Name of the Trust:**

The Trust coming into existence by this Trust Deed shall be known as **"Carnival of Humanity Education and Charitable Trust- Veraval".**

**(2) Trust Office:**

a) The head office of this trust shall be at the address given below at Veraval, Veraval Taluka, Girsomnath District, and if necessary, sub-office or sub-offices may be opened or closed at any place throughout India.

b) Name of the head office:

"Carnival of Humanity Education and Charitable Trust-Veraval" Ajmeri Society, D.P. Road, Veraval, Ta. Veraval, Dist. Girsomnath

**(3) Scope of work of the trust:**

The scope of work of this trust shall be in the entire state of Gujarat and the other parts of the country.

President
Carnival of Humanity Education
And Charitable Trust
VERAVAL

CARNIVAL OF HUMANITY EDU. & CHARITABLE TRUST • VERAVAL • REG. NO. E/2315 DT.30-07-2025 GIR SOMNATH

## (4) Objectives of the Trust ::-

This Trust will undertake various activities as per the working methods mentioned below to achieve its objectives.

(1) This Trust will guide and assist every human being in their social, educational, health issues, well-being and economic advancement of every class of society without discriminate on the basis of caste, creed, colour, religion or gender and will remain above political motives and such activities.

2) It will establish, run and manage kindergartens, anganwadis, child care centers, pre-primary schools, secondary schools, higher secondary schools, colleges, technical and Gujarati-English language learning classes, industrial education institutions or industrial management schools, colleges or vocational education institutions and will help the person or institution doing such activities.

(3) Will established and run boys' hostels, girls' hostels, ashramshara and will provide financial assistance to such institutions for the students.

(4) Will establish and run reading rooms for poor and deserving students and will undertake prize and book support activities.

(5) To encourage bright students, to award prizes, rewards, awards and to honor them.

(6) Will run adult education classes, night schools, classes in rural and urban areas, and will establish institutions or classes to run general co-curricular courses by obtaining approval from the Government from time to time to run new courses.

esident
Carnival of Humanity Education
And Charitable Trust
VERAVAL

CARNIVAL OF HUMANITY EDU. & CHARITABLE TRUST • VERAVAL • REG. NO. E/2315 DT.30-07-2025 GIR SOMNATH

(7) This organization will contribute its due efforts to establish and run schools, colleges, and orphanages for the upliftment of the handicapped, mentally retarded, blind, and handicapped/differently abled persons.

(8) DELETED

(9) DELETED

(10) DELETED

(11) It will organize lecture series, seminars, conferences, camps, and educational tours for the dissemination of education and knowledge, and will help organizations engaged in such activities.

(12) DELETED

**4/2) Genrel publicintrest activities : :**

(1) DELETED

(2) DELETED

(3) DELETED

President
Carnival of Humanity Education
And Charitable Trust
VERAVAL

CARNIVAL OF HUMANITY EDU. & CHARITABLE TRUST • VERAVAL • REG. NO. E/2315 DT.30-07-2025 GIR SOMNATH

## 4/3) Social Activities:

DELETED

## 4/4) Other Activities:

(1) Will carry out activities for the upliftment of the disabled, destitute and blind and oldage homes and the weaker sections of the society and will help the person or organization doing such activities.

(2) To help and provide appropriate assistance to the human and animal victims of natural calamities like drought, earthquake, cyclone, tsunami, flood disaster and accidents and to help the organization doing such work.

(3) To run treatment centers and shelters for animals and birds and to open chickpea centers for birds.

(4) To organize blood grouping camps and to run awareness campaigns to prevent diseases such as AIDS awareness, cancer awareness, polio awareness, swine flu awareness and To organize all-disease diagnosis camps, medical camps and to provide financial assistance to such patients.

(5) To provide assistance and non-commercial distribution of Ayurvedic, Allopathic and other medicines free of cost or at subsidized rates for the convenience of the poor and needy people.

(6) To open and run dispensaries, nursing homes, hospitals, infant care homes, pathology laboratories, sonography and X-ray clinics with the aim of providing medical relief to the human society and to provide medical assistance in the form of medicines, cash or in kind to the needy patients and to provide assistance as an incentive to such institutions. Health related activities will be carried out at subsidized rates.

President
Carnival of Humanity Education
And Charitable Trust
VERAVAL

CARNIVAL OF HUMANITY EDU. & CHARITABLE TRUST
REG. NO. E/2315
DT.30-07-2025
GIR SOMNATH
VERAVAL

**(5) Property of the Trust:**

(1) This Trust may hold both immovable and movable properties.

(2) The amount of Rs. 1100/- donated by the Settlor Trustees of the Trust from their personal property acquired by them shall be called the movable property of this institution for the time being.

(3) In addition, any immovable or movable property acquired by this Trust or its ownership from time to time shall be called the property of this Trust.

(4) The Trustee or any other person shall not have any personal right or share in the immovable or movable property of this Trust.

**(6) Sources of Income of the Trust:**

The sources of income of this Trust to meet the financial expenses required to achieve the objectives of this Trust are as follows.

(1) The Trust may accept conditional or unconditional donations, gifts, and gifts that do not hinder the objectives of the Trust.

(2) The Trust may, subject to the provisions of the existing law, obtain government, semi-government assistance, loans, grants, subsidies, and from the implemented government and semi-government schemes.

(3) Obtain loans or deposits.

(4) Receive income from the departments operated by the Trust in the future and income from the movable and immovable properties of the Trust.

(5) In addition, by accepting contributions in the form of food grains, clothes, medicines or other items.

President
Carnival of Humanity Education
And Charitable Trust
VERAVAL

CARNIVAL OF HUMANITY EDU. & CHARITABLE TRUST
REG. NO. E/2315
DT.30-07-2025
GIR SOMNATH
VERAVAL

## 7) Bord Of Trustees::

| No | Name of trustee | Age | occupation | Dasignation | Adress. |
|---|---|---|---|---|---|
| 1 | Zakirhusen Mahmmadhusen Sumra | 27 | Lawyer | President | Veraval |
| 2 | Ansari Sajid Abidbhai | 28 | Job | Vice-President | Veraval |
| 3 | Shahnavaz Abdulgafar Khanjamal | 24 | Job | Treasurer | Veraval |

## (8) Number of Trustees of the Trust and Method of Appointment of Trustees::-

(1) The number of trustees for the management of this trust shall be minimum-3 (three) and maximum 51 (fifty one). As of now There shall be 3 (three) trustees in this trust and these trustees shall remain for life.

When a vacancy occurs in this Board of Trustees, the remaining members shall appoint new members by their majority. They shall also fill the vacant positions. They shall appoint a President, Vice President from among themselves.

b) Officers: :

1) To meet the day-to-day tasks of this Trust and to maintain the harmony of the tasks and they shall perform their duties as mentioned in the Trust Deed.

2) If the position of Managing Trustee falls vacant for any reason, the Board of Trustees shall appoint a trustee by majority as Managing Trustee for the remaining term.

## (9) Regarding removal of trustees.::

When any trustee acts against the objectives of the Trust or becomes mentally unstable or engages in activities for his personal financial or other types of benefits from the Trust or If a

President
Carnival of Humanity Education
And Charitable Trust
VERAVAL

CARNIVAL OF HUMANITY EDU. & CHARITABLE TRUST
REG. NO. E/2315
DT.30-07-2025
GIR SOMNATH
VERAVAL

trustee violates the provisions of the trust deed or commits a criminal act and is punished or if he is absent from more than three meetings of the Board of Trustees continuously, such trustee shall be removed from the office of trustee subject to the provisions of the existing law.

**(10) Powers, duties and functions of the Managing Trustee:**

1) The Managing Trustee shall be the head of the Trust.

2) He shall preside over the meetings of the Board of Trustees, and shall perform the necessary work for the management of the Trust, and shall supervise all the activities.

3) In case of equality of votes on any resolution in the meeting of the Board of Trustees, the Managing Trustee may cast an additional vote.

4) All the functions of the Trust may be performed under the signature of the Managing Trustee.

5) He shall settle the questions arising in the meetings of the Board of Trustees.

6) He shall appoint the employees by taking the Board of Trustees into confidence.

7) Will monitor the accounts of the organization and provide necessary advice and suggestions on all management-related matters.

8) Will take action regarding acquisition of private or government land in accordance with the provisions of government policy, rules or laws.

9) In addition, will handle all correspondence, transactions, court, office-related matters related to the trust and all the institutions under its management, and will take care of the management.

**11) Powers and duties of the board of trustees: :**

1) Will be able to invest the money of this trust and purchase immovable property, subject to the laws that time in force..

President
Carnival of Humanity Education
And Charitable Trust
VERAVAL

CARNIVAL OF HUMANITY EDU. & CHARITABLE TRUST
REG. NO. E/2315
DT.30-07-2025
GIR SOMNATH
VERAVAL

2) Subject to the laws regarding public trusts that time in force, they may sell or mortgage the immovable and movable property of this trust or give or receive gifts.

(3) To keep the documents relating to the ownership of the immovable property of the trust in their possession at the office of the trust or in the safe deposit vault of a bank recognized by the government.

4) To maintain the immovable and movable property of the trust and shall take steps for the safety of the property.

5) To always strive to achieve the objectives of the trust and shall remain loyal to the trust.

6) The board of trustees may carry out all the functions of the trust by making resolutions by majority vote.

7) If the trustee has spent money from his personal funds for the work of this trust, he shall be entitled to recover the amount of that expenditure from the trust.

8) The Trust may accept conditional or unconditional donations not contrary to the name and objectives of the Trust.

9) The Trust may issue special or general power of attorney for the work of the Trust.

10) The Trustees may appoint an auditor by a majority resolution for the audit of the accounts of this Trust and the institutions managed by the Trust. Also, if necessary, they may appoint a legal advisor by a majority resolution.

11) The Trust may retain or dismiss servants and employees in the institutions or departments managed by the Trust.

**(12) Meeting of the Board of Trustees ::**

1) The Board of Trustees shall meet at least twice a year and such meetings shall be called ordinary meetings.



President
Carnival of Humanity Education
And Charitable Trust
VERAVAL

CARNIVAL OF HUMANITY EDU. & CHARITABLE TRUST
REG. NO. E/2315
DT.30-07-2025
GIR SOMNATH
VERAVAL

2) The Board of Trustees may, in exceptional circumstances, call an additional meeting, which shall be called an extraordinary meeting. Notice of this meeting shall be given by registered post, courier or newspaper. The Agenda shall be published Ten days before the meeting.

3) In case of special need, the President may call an emergency meeting in the eight day after the written request of at least 1/2 of the trustees.

4) Every meeting shall be notified in writing to each trustee at his registered address, except for emergency meetings called by the Managing Trustee that notice shall be least seven days in advance.

5) The quorum for the business of the meeting shall be deemed to be complete with the presence of two-thirds (2/3) members, and the meeting adjourned due to lack of quorum shall be reconvened on the same day at the same place after one hour, In that case the quorum shall not be applied.

6) The notice of the meeting shall state the date, place and agenda of the meeting.

**13) Resolutions ::**

1) A resolution book shall be maintained for the institution.

2) The resolutions shall be written in the resolution book along with a systematic record of the proceedings of each meeting of the trust. The Managing Trustee shall sign at the bottom of the resolution book.

3) In case of emergency, a circular resolution may be made through a circular letter. The same shall be recorded in the resolution book.

4) The resolutions passed in the meeting of the trustees shall be written in the book, signed by the trustees and signed by the Managing Trustee at the bottom.

**(14) Investment of Trust Funds ::**

Subject to the provisions of Section 35 of the Mumbai Public Trust Act-1950, the funds of this trust shall be invested as follows.

President
Carnival of Humanity Education
And Charitable Trust
VERAVAL

CARNIVAL OF HUMANITY EDU. & CHARITABLE TRUST
REG. NO.
E/2315
DT.30-07-2025
GIR S...

1) In any scheduled bank as mentioned in section 2(e) of the Reserve Bank of India Act, 1934 and/or...

2) In a post office savings account and/or...

3) In a unit of any mutual fund under the Income Tax Act, 1961 and/or...

4) In a cooperative bank approved by the State Government for this purpose and/or...

5) In government securities and/or...

6) In such manner as the Charity Commissioner may by general/special order approve for investment of money...

**15) Accounting Year ::**

The accounting year of this institution shall be from 1st April to 31st March.

**16) Audit ::**

1) Regular accounts of this trust shall be maintained as per the provisions of section 35 of the Mumbai Public Trust Act, 1950.

2) To have an audit done every year by a person who is a Chartered Accountant as per The Chartered Accountants Act, 1949 or by a person authorized by the State Government for this purpose.

3) Such audit reports shall be submitted to the Assistant/Deputy Charity Commissioner of that region.

**(17) Regarding immovable property:**

1) No immovable property owned by the Trust shall be sold, mortgaged, gifted or otherwise transferred without the approval of the Charity Commissioner.

President
Carnival of Humanity Edu.
And Charitable Trust
VERAVAL

CARNIVAL OF HUMANITY EDU. & CHARITABLE TRUST • VERAVAL • REG. NO. E/2315 DT.30-07-2025 GIR SOMNATH

2) The trustee cannot lease any property of the trust in his own name or in the name of his relatives or in the name of a person or firm with whom he has an interest.

3) The trustee cannot purchase any immovable property of the trust under any circumstances.

**(18) Account in Bank ::**

According to the requirements of the trust, an account or accounts will be opened in the name of the trust in one or more nationalized or cooperative banks and its administration will be done under the signature of the managing trustee and the trustees decided in the trustees' meeting.

**19) Committee or Committees ::**

Whenever necessary, committees like business, executive committee may be formed to carry out the objectives of the trust. They may be changed. They may be dissolved. The managing trustee will always be the chairman of the committee or committees. An expert in any field may be included as a member of the committee.

**(20) Amendment of Trust Deed:**

In case any clause of this Trust Deed or any provision of the Trust Deed needs to be amended or supplemented in special circumstances, the then Board of Trustees may, by unanimous resolution, amend the said amendment in accordance with the provisions of the prevailing law of that time in force and the provisions of the Mumbai Public Trust Act, 1950.

**(21) Dissolution of Trust:**

In case of any extraordinary circumstances, the Trustees may unanimously pass a resolution in this regard afterwards, All the liabilities of the Trust shall be fulfilled, than the remaining movable and immovable properties of the institution may be transferred to another institution with similar purposes. This Action shall be taken in this regard subject to the prevailing laws and rules of that time in force.



President
Carnival of Humanity Education
And Charitable Trust
VERAVAL

CARNIVAL OF HUMANITY EDU. & CHARITABLE TRUST • VERAVAL • REG. NO. E/2315 DT.30-07-2025 GIR SOMNATH

**(22) Others:**

1) No trustee shall be able to use any property of the trust for his personal use.

2) In respect of matters not expressly mentioned, this trust shall follow the provisions of the Mumbai Public Trust Act-1950 and the Gujarat Public Trust Rules or any law in its place.

We have written this trust deed with our full consent, having read, understood and through it without any coercion, and have signed and witnessed it below. Which is and shall remain binding on me and my descendants.

Place :- Veraval

Date:- 15-05-2025 ..............................

Zakirhusen Mahmmadhusen Sumra
Settlor's signature

| No | Name of trustee | Dasignation | Signatures |
|---|---|---|---|
| 1 | Zakirhusen Mahmmadhusen Sumra | President | |
| 2 | Ansari Sajid Abidbhai | Vice-President | |
| 3 | Shahnavaz Abdulgafar Khanjamal | Treasurer | |

Attested by

President
Carnival of Humanity Education
And Charitable Trust
VERAVAL

CARNIVAL OF HUMANITY EDU. & CHARITABLE TRUST
REG. NO. E/2315
DT.30-07-2025
GIR SOMNATH
VERAVAL

Witness

1......................................

2......................................